### દિવાળી પછી લગ્નસરાની સિઝન પૂરી થતા જ સુરતના કાપડ ઉદ્યોગમાં મંદી

# સંખ્યાબંધ જેટ ડાઈંગ બંધ

**કમૂરતા** અને દિવાળી વેકેશન પછી વેપાર મંદ પડતો હોય છે, ઉત્તરાયણ પછી વેપાર જામશે : જીતેન્દ્ર વખારીયા

**મિલોમાં** વિકમાં 2/3 દિવસ ઉત્પાદન કાપ રહે છે, ગુજરાન ચલાવવા જેટલું કામ નહીં મળતા કારીગરો વતન પરત થઈ રહ્યાં છે : કામરાન ઉસ્માની

સુરત : દિવાળી પછી લગ્નસરાની સિઝન પૂરી થતા જ સુરતના કાપડ ઉદ્યોગમાં મંદી છવાઈ છે. સુરતના પ્રોસેસિંગ ટેક્સટાઈલ ક્લસ્ટરમાં સંખ્યાબંધ જેટ ડાઈંગ બંધ થઈ ગયા છે. કાપડના વેપારીઓ તરફથી 40% ઓર્ડર ઘટી જતા મિલ માલિકોએ વિકમાં 2 થી 3 દિવસ ઉત્પાદન કાપ શરૂ કર્યો છે. એને લીધે કારીગરોને સુરતમાં ગુજરાન ચલાવવાનું ભારે પડતા ઉત્તરપ્રદેશ, બિહાર અને ઝારખંડના કારીગરો મોટી સંખ્યામાં વતન પરત જઈ રહ્યા છે.

મિલ કોન્ટ્રાક્ટર અને ઈન્ટુકના ગુજરાત એકમના મહામંત્રી કામરાન ઉસ્માનીએ જણાવ્યું હતું કે, આ વર્ષે દિવાળી ઓક્ટોબર મહિનામાં આવી એ પછી લગ્નસરનું ઠીકઠાક કામ રહ્યું પણ દિવાળી વેકેશન પૂરું થયા પછી સુરતની મિલોમાં પરત આવેલાં કારીગરોને વિકમાં 4/5 દિવસનું કામ મળતા તેઓને રૂમ ભાડું, લાઈટબીલ, ગેસ સિલિન્ડર ખર્ચ, બાળકોની શિક્ષણ ફી, માંદગી તથા ખાદ્ય ખોરાક ખર્ચ કાઢવો મુશ્કેલ બનતા મોટી સંખ્યામાં કારીગરો વતન પરત જઈ રહ્યાં છે. બિહાર વિધાનસભાની ચૂંટણી પછી જે કારીગરો સુરત આવવાના હતા એ બદલાયેલી સ્થિતિમાં ત્યાં જ રોકાઈ ગયા છે.

વિકમાં 4/5 દિવસ મિલોમાં પ્રોડક્શન ચાલે છે પણ એમાં પણ 100% કામ નથી. 70% જ કામ મળે છે. એની અસર તેઓના રોજ (દૈનિક વેતન) પર પડે છે. મિલોના 40 ટકા મશીનો, સ્ટેન્ટર બંધ રાખવાની ખરાબ સ્થિતિ ઊભી થઈ છે. જોબવર્ક પર ચાલતી મિલોની સ્થિતિ ખરાબ છે. અત્યારે મિલ કોન્ટ્રાક્ટર થોભો અને રાહ જુઓની સ્થિતિ અપનાવી રહ્યાં છે. કારીગરને યુપી, બિહારથી તેડાવવાથી કોન્ટ્રાક્ટરે રોજ ચૂકવવાની જવાબદારી માથે આવે છે.

બીજી તરફ સાઉથ ગુજરાત ટેક્સટાઈલ પ્રોસેસર્સ એસોસિએશન (SGTPA) ના પ્રેસિડેન્ટ જીતેન્દ્ર વખારીયાએ જણાવ્યું હતું કે, સુરતમાં કાપડ ઉદ્યોગમાં મંદીનો માહોલ છે. જોબ વર્ક કરતી મિલોને વેપારીઓના કામ જોઈએ એવા મળી રહ્યા નથી એને લીધે મિલો વિકમાં 2/3 દિવસ ઉત્પાદન કાપ રાખી રહી છે. કમૂરતા અને દિવાળી વેકેશન પછી વેપાર મંદ પડતો હોય છે, એ પ્રોસેસ અત્યારે શરૂ થઈ છે. અમારું માનવું છે કે, કમૂરતા પૂર્ણ થયા પછી એટલે કે, ઉત્તરાયણ પછી વેપાર જામશે. કાપડ ઉદ્યોગમાં મેં-જૂન મહિના સુધી તેજી રહેશે. ભૂતકાળમાં પણ મંદીનો સમય પૂર્ણ થયા પછી તેજીની સિઝન નીકળતી હોય છે. ફેબ્રુઆરી મહિનામાં રમઝાન હોવાથી માર્ચ મહિનામાં ઈદને લીધે કાપડના વેપારીઓને થોડોક વેપાર મળી રહેશે. જોકે મોટાભાગનાએ ઓર્ડર દિવાળીથી લગ્નસરાની સિઝન વચ્ચે મિલ માલિકોએ પૂરા કર્યા છે. વર્ષમાં મંદીની એક સાયકલ આવી ચાલતી હોય છે.

જોકે, અન્ય મિલ માલિકોનું કહેવુ છે કે, મંદીનું બીજું એક મહત્વનું કારણ ગેરકાયદે તપેલા ડાઈંગોનો ફાટેલો રાફડો પણ છે. તેઓને GPCB કે અન્ય સરકારી એજન્સીઓની કોઈ મંજૂરી લેવી પડતી નથી. PF કે ESIC ની રકમ ભરવી પડતી નથી. તેઓ કરોડોનો પ્રોડક્શન ખર્ચનો બીજ ઉઠાવનાર કાયદેસરની મિલો કરતા ઓછા ભાવે કપડું તૈયાર કરી કાયદાઓનું પાલન કરનાર મિલોનો વેપાર ખેંચી રહી છે.

## રાંદેરમાં પગની બીમારીથી કંટાળીને વૃદ્ધે ઝેર પીધું

સુરતઃ રાંદેરમાં પગની બીમારીથી કંટાળીને વૃદ્ધે ઝેર પીને આપઘાત કરી લીધો હતો. મૂળ જામનગરના વતની દોલતરામ ઉત્તમચંદ સામિયાણી (62 વર્ષ) હાલ રાંદેર રામનગરમાં પરિવાર સાથે રહેતા હતા અને નિવૃત જીવન જીવતા હતા. છેલ્લા ઘણા વર્ષોથી તેમને પગની બીમારી હતી અને ત્રણ વખત ઓપરેશન પણ કરાવ્યું હતું. થોડાક દિવસ પહેલા દોલતરામ ચાલવા જતા તે નીચે પડી ગયા હતા. જેથી તેમના પગમાં ફ્રેક્ચર થયું હતું. જેને કારણે ડોક્ટરે ફરી ઓપરેશન કરવાનું કહ્યું હતું. આ બીમારીથી કંટાળીને તેએ 5 ડિસેમ્બરના રોજ સવારે ઘરમાં ઝેર પીને લીધું હતું. જેથી તેમણે સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમિયાન શનિવારે રાત્રે દોલતરામનું મોત નિપજ્યું હતું. તેમનો પુત્ર મોહન રેડિમેડ કપડાની દુકાન ચલાવે છે.

## ઉતરાયણ આવી રહી છે, પતંગ પહેલા ગળા ન કપાઈ જાય!



ઉતરાયણ પર્વને એક મહિનાની વાર છે ત્યારે અત્યારથી જ પતંગના દોરાઓ વાહનચાલકો માટે ઘાતક બની રહ્યા છે. શહેરમાં પતંગના દોરાથી ઈજા પહોંચવાની ઘટના બની રહી છે ત્યારે વાહનચાલકો અત્યારથી વાહનો પર સેફ્ટી ગાર્ડ લગાવી રહ્યા છે. **(તસવીરઃ સતીષ જાદવ)**

## ગ્રે કાપડનું પેમેન્ટ ચુકવ્યા વગર ફરાર થયેલા દલાલ અને વેપારી સામે ગુનો

સુરતઃ ગ્રે કાપડ ખરીદી અડધુ પેમેન્ટ કર્યા વગર જ પલાયન થઇ ગયેલા વેપારી સામે ગુનો નોંધાયો છે. આ ઘટનાની મળતી માહિતી અનુસાર કતારગામ ગજેરા ફાર્મ સામે શ્રદ્ધા રેસિડેન્સીમાં રહેતા જયેશભાઈ મગનભાઈ ડોબરિયા કાપડના વેપારી છે. દલાલ રાજુભાઇ માણિયા મારફતે તેમને સંપર્ક સારોલીની કુબેરજી ડેકમાં અશોક ફેબ્રિક્સના નામે વેપાર કરતાં અશોક ઉર્ફે ગોપાલભાઇ ચાંદક સાથે થયો હતો. તેણે તેમની પાસેથી 1,89,736ની કિંમતનો ગ્રે કાપડ કાપડ ખરીદ્યુ હતું. જેમાંથી રૂ. 83,000નું જ પેમેન્ટ કર્યું હતું જ્યારે રૂ.1,06,736 ચૂકવ્યા વગર જ પલાયન થઇ ગયા હતાં.

## લિંબાયતમાં પહેલા માળેથી પટકાતા ચાર વર્ષના બાળકનું મોત

સુરતઃ લિંબાયત મીઠીખાડી પાસે આવેલા રતનજી નગરમાં મોહમ્મદ ઇબ્દાર ઇબ્રાર મન્સૂરી (4 વર્ષ) માતા સાથે રહેતો હતો. શનિવારે સાંજે તે ઘરમાં રમી રહ્યો હતો. ત્યારે પહેલા માળેથી નીચે પડી ગયો હતો. જેથી તેને સારવાર માટે સ્મીમેરમાં ખસેડાયો હતો. જ્યાં ટુંકી સારવાર બાદ તેનું મોત નિપજ્યું હતું.

## વાંઝગામ ખાતે રોડ ક્રોસ કરતા યુવકનું વાહનની ટક્કરે મોત

સુરતઃ મૂળ બિહારના વતની અભિમન્યુ બ્રુદ્ધાનંદ યાદવ (38 વર્ષ) હાલ સચિન વાંઝગામના આકાશ કોમ્પલેક્સમાં રહેતો હતો અને હજીરાની એક કંપનીમાં નોકરી કરતો હતો. શનિવારે બપોરે તે વાંઝગામ પાસે રસ્તો ઓળંગતો હતો. ત્યારે વાહન ચાલકે તેને ટક્કર મારી હતી. જેથી તેનું ઘટનાસ્થળે મોત નિપજ્યું હતું.

## પુણાગામમાં રત્નકલાકારની પત્નીએ વિષપાન કર્યું

સુરતઃ પુણાગામની અભયધામ સોસાયટીમાં રહેતા હરેશભાઇ ચાવડા રત્નકલાકાર છે. તેઓ અહીં તેમની ૩૯ વર્ષીય આશાબેન અને સંતાનો સાથે રહે છે. તેમના પત્નીએ ગઇકાલે સાંજે ઝેર પી લીધું હતું. જેથી તેમને સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયા હતાં. જ્યાં તેમનું ટૂંકી સારવાર દરમિયાન મોત થયું હતું. તેમના આપઘાતનું કારણ હજી પણ અકબંધ છે.

## લસકાણામાં આર્થિક સંકડામણમાં યુવકે એસિડ પીધું

સુરતઃ લસકાણામાં આર્થિક સંકડામણમાં યુવકે એસિડ પીને આત્મહત્યા કરી લીધી હતી. મૂળ ઓરિસ્સાના વતની અને હાલ લસકાણાગામના વિપુલનગરમાં ભગવાન બાબાજી ડાકુવા (38 વર્ષ) નામના સંચા ખાતાના કારીગરે શનિવારે સાંજે એસિડ પી લીધું હતું. જેથી તેને સિવિલમાં ખસેડાયો હતો. જ્યાં તેનું સારવાર દરમિયાન રવિવારે સવારે તેનું મોત નિપજ્યું હતું.

## દોઢ જ મહિનામાં કર્મચારીએ ઓફિસમાંથી 10લાખની ચોરી કરી

**અલથાણ** વીઆઇપીરોડના ઇન્ટરનેશનલ વેલ્થ સેન્ટરની ઘટના

સુરતઃ અલથાણ વિસ્તારમાં વી.આઈ.પી રોડ પર આવેલી ઇન્ટર નેશનલ વેલ્થ સેન્ટરની ઓફિસમાં નોકરીએ રાખવામાં આવેલા કર્મચારી દ્વારા વિશ્વાસઘાત કરી દસ લાખ રૂપિયાની ચોરી કરવામાં આવી હોવાની ઘટના સામે આવી છે. સમગ્ર બનાવ સીસીટીવી કેમેરામાં કેદ થયો છે અને ફરિયાદના આધારે અલથાણ પોલીસે તપાસ હાથ ધરી છે.

પાલનપુર પાટિયા શંકરનગર સોસાયટીમાં રહેતા પ્રદીપસિંહ રામસિંહ ગૌર અલથાણ વી.આઈ.પી રોડ ઉપર આવેલી ઇન્ટર નેશનલ વેલ્થ સેન્ટરમાં મેનજર છે. તેમની ઓફિસમાં ડિંડોલીમાં રહેતા સંજય મયુર પાટીલને નોકરી પર રાખવામાં આવ્યો હતો. ગઇ તારીખ ૦૧/૧૧/૨૦૨૫ થી તા. ૧૦/૧૨/૨૦૨૫ દરમિયાન તેમની ઓફિસની ડિજિટલ તિજોરીમાંથી

રોકડા રૂપિયા ૧૦,૦૦,૦૦૦ ચોરાઇ ગયા હતાં. જ્યારે હિસાબ કરવામાં આવ્યો ત્યારે દસલાખની ઘટ જણાતાં સીસીટીવી કેમેરા ચેક કરવામાં આવતા મયુર પાટીલ તિજોરી સુધી જઇને ચોરી કરતો હોવાનું કેમેરામાં કેદ ઇ ગયું હતું. આમ નોકરીના દોઢ મહિનામાં જ મયુર પાટીલે દસલાખનો હાથફેરો કર્યો હતો.

### પરછાઇ એક્ઝિબિટર્સના પિતા-પુત્ર સામે ગુનો નોંધાયો

## તાપી રિવરફ્રન્ટ પ્રોજેક્ટના નામે રૂપિયા 3.11 કરોડની ઠગાઇ

**એમ્યુઝમેન્ટ** પાર્કના નામે 80 દુકાનની 72 લાખ ડિપોઝીટ લઇને માત્ર 35 જ દુકાન ફાળવી તેનો પણ કબજો ગયો

**2.39** કરોડથી વધુનો ખર્ચ કર્યો તે પણ ગયો અને સામાન પણ ચોરાઇ ગયો

સુરતઃ તાપી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટમાં મોટા રોકાણ અને ઊંચા નફાની લાલચ આપી એક વેપારી પાસેથી કરોડોની રકમ વસૂલ્યા બાદ દુકાનો ન ફાળવી, ડિપોઝીટ પરત ન આપી અને સરસામાન ચોરી કરી લેવાયાનો ગંભીર છેતરપિંડીનો મામલો સામે આવ્યો છે.

રાંદેર વિસ્તારમાં ગોપીનાથ સોસાયટી, રામનગર ખાતે રહેતા અજીતસિંગ રણજીતસિંગ રાઠોરે રાંદેર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. વર્ષ 2017માં સુરત શહેરના રાંદેર રોડ ઉપર આવેલ તાપી રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ શરુ થયો હતો. તે સમયે "પરછાઈ એક્ઝીબીટર્સ" ફર્મના પ્રોપરાઈટર પંકજભાઈ જસુભાઈ પટેલ (રહે. ચિંતનપાર્ક સોસાયટી, ભટાર રોડ, સુરત) તથા 512 શિવશક્તિ શોપિંગ, રામચોક, ઘોડદોડ રોડ ખાતે ઓફિસ ધરાવતા શયુલ પંકજભાઈ પટેલે રીવરફ્રન્ટ ખાતે એમ્યુઝમેન્ટ પાર્ક શરૂ કર્યો હતો. તેમણે તેમને જણાવ્યું હતું કે, એમ્યુઝમેન્ટ પાર્કમાં દુકાનો ભાડેથી રાખશે તો તેમને ઊંચો નફો નફો મળશે. તેમણે એમ્યુઝમેન્ટ પાર્કમાં કુલ 80 દુકાનો ભાડેથી લેવા માટે ડિપોઝીટ પેટે રૂ.72 લાખ જમા કરાવ્યા હતા. થોડા સમય બાદ તેમને માત્ર 25 દુકાનો જ ફાળવવામાં આવી હતી આ દુકાનોમાં તેમણે ફર્નિચર સહિત કુલ રૂ.2.39 કરોડથી વધુનો ખર્ચ કર્યો હતો. પરંતુ દુકાનો શરૂ કર્યા બાદ થોડા જ દિવસોમાં એમ્યુઝમેન્ટ પાર્કનો સમગ્ર પ્રોજેક્ટ બંધ થઈ ગયો. ત્યારબાદ સુરત મનપાએ જગ્યાનો કબજો લઈ તેમને ફાળવેલી દુકાનો પણ બંધ કરાવી દીધી હતી. ડિપોઝીટ, કરાયેલ ખર્ચ અને સરસામાન સહિત કુલ રૂ.3,11,47,000/-ની રકમ આજદિન સુધી પરત ન મળતાં તેમણે કરેલી ફરિયાદના આધારે રાંદેર પોલીસે બંને સામે ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે.

## શહેર કોંગ્રેસમાં સંગઠનમાં નિયુકિત બાદ 7નાં રાજીનામા

**શહેર** પ્રમુખ સામે ભભુક્તા રોષથી ઊલ્ટી ગંગા જેવી સ્થિતિ: સંગઠનમાં વરણી પામેલા નેતાઓએ જ પદ સ્વીકારવાનો ઇનકાર કરી દીધો

સુરતઃ કોંગ્રેસ દ્વારા ગઈકાલે પ્રદેશ સ્તરે સુરત શહેર કોંગ્રેસના નવા સંગઠનનું માળખું જાહેર કરવામાં આવ્યું હતું. જાહેરાતને હજી ગણતરીના કલાકો થયા છે ત્યાં જ ૭થી વધુ સભ્યએ પદ પરથી રાજીનામા આપ્યા હોવાની માહિતી સામે આવી છે, જેને લઈને કોંગ્રેસમાં હડકંપ મચી ગયો છે.

શહેર કોંગ્રેસ પ્રમુખ વિપુલ ઉધનાવાળાના નેતૃત્વ સામે એવો ભારે રોષ જોવા મળ્યો છે કે સંગઠનમાં સામેલ કરાયેલા નેતાઓએ જ તેમના નેતૃત્વ હેઠળ કામ કરવાનો ઈનકાર કરી રાજીનામા આપી દીધા છે.

રાજીનામું આપનાર સભ્યોનો સીધો આક્ષેપ છે કે શહેર પ્રમુખે કોઈ ચર્ચા કર્યા વગર, વિશ્વાસમાં લીધા વિના નામોની યાદી પ્રદેશ કોંગ્રેસને મોકલી દીધી, જે લોકશાહી પ્રક્રિયાના વિરુદ્ધ છે. છેલ્લે વિપુલ ઉધનાવાળાને શહેર કોંગ્રેસ પ્રમુખ બનાવાયા ત્યારબાદ તો જૂથવાદ દાવાનળની જેમ ફાટ્યો છે. શહેર સંગઠનની જાહેરાતના થોડા કલાકોમાં જ વરાછા વિસ્તારમાં કોંગ્રેસને જીવંત રાખનાર સુરેશ સુહાગીયા (ઉપપ્રમુખ), દિપક પટેલ (મહામંત્રી), ઈમ્તિયાઝ શેખ (મહામંત્રી), અશ્વિન સાવિલિયા (મંત્રી), કેસર અલી પીરઝાદા (કારોબારી સભ્ય) અને નાસિર સિમેન્ટવાલા (કારોબારી સભ્ય) સહિતના નેતાઓએ પદ પરથી રાજીનામું આપી દીધું હોવાનું જાણવા મળે છે. આ તમામ નેતાઓએ સંગઠનની રચનામાં ચર્ચા કે સહમતિ ન લેવાઈ હોવાનો આક્ષેપ કર્યો છે.

## ચીમની ટેકરાના મકાનમાંથી નશાકારક સિરપનો જથ્થો ઝડપાયો

સુરતઃ સલાબતપુરા પોલીસને પેટ્રોલિંગ દરમિયાન ગુપ્ત બાતમી મળી હતી કે, અનવરખાન પઠાણ પોતાના ઘરે (રહે., બીજો માળ, જૂનો ડેપો, ચીમની ટેકરા, સલાબતપુરા) નશીલા પદાર્થોનું વેચાણ કરે છે. અને હાલ તે ઘરે હાજર છે. બાતમી હકીકત આધારે સલાબતપુરા પોલીસે દરોડા પાડતા અનવર ખાનના મકાનમાં વેચાણ માટે મૂકેલા વિમલ પાન મસાલાના થેલાઓમાંથી કોનેક્સ-ટી નામની 100 મિલીની બોટલો મળી આવી હતી.

પ્રથમ થેલામાં 100 અને બીજા થેલામાં 130 બોટલો જેની કિંમત 23,690 રૂપિયા થાય છે. પોલીસે અન્વરખાનની વધુ પૂછપરછ કરતાં તેની પાસે સિરપ વેચાણની કોઈ પરમિટ નહીં હોવાની અને આ જથ્થો તે અને તેનો પુત્ર સલમાન છૂટકામાં વેચાણ કરવા લાવ્યો હતો. તેઓ છેલ્લા છ મહિનાથી તેમના વિસ્તારમાં અલગ અલગ જગ્યાઓ પર નશાનો કારોબાર ચાલતો હોઈ અને તેમને પૈસાની તંગી હોવાને લઈ તેમણે પણ આ ધંધામાં ઝંપલાવ્યું હતું. પોલીસે અનવર ખાન વિરુદ્ધ NDPS એક્ટ હેઠળ ગુનો નોધી તેની ધરપકડ કરી છે .જ્યારે પુત્ર સલમાન ને વોન્ટેડ જાહેર કરી તેની શોધખોળ શરૂ કરી છે.

## 'કેચ ધ રેઇન'થી જળસંચયને જનઆંદોલન બનાવો: પાટીલ

**કેન્દ્રીય** મંત્રીએ મેયર કાઉન્સિલમાં મેયર 'દક્ષેશ માવાણીનાં શાંત, સંયમી અને સારો વ્યવહાર' સુરતનું પ્રતિક ગણાવ્યો



સુરતઃ ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ઓફ મેયરની મેયરની એક્ઝિક્યુટિવ કમિટીના સભ્યોએ સુરતના ચોકબજાર ખાતે આવેલા ઐતિહાસિક કિલ્લાની મુલાકાત લઈ કિલ્લાનું નિદર્શન કર્યું હતું. આ પ્રસંગે સુરતના મહેમાન બનેલા દેશના વિવિધ શહેરોના મેયરોએ કેન્દ્રીય મંત્રી સી.આર. પાટીલ સાથે ભોજન પણ લીધું હતું. દરમિયાન વિવિધ શહેરના મેયરોએ મનપાના જુદા જુદા પ્રોજેક્ટની મુલાકાત લીધી હતી. કાઉન્સિલની બેઠકના સમાપનમાં કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલે તમામ મેયરોને પોતાના શહેરોમાં કેન્દ્ર સરકારની 'કેચ ધ રેઈન' યોજના અંતર્ગત વરસાદના પાણીનો સંચય કરી ભૂગર્ભ જળસ્તર ઊંચું લાવવા સક્રિય ભૂમિકા ભજવવા અનુરોધ કર્યો હતો. સાથે જ તેમણે જણાવ્યું હતું કે સફાઇ માત્ર અભિયાન પૂરતી નહીં રહે, પરંતુ સફાઈ સમાજ જીવનનો સ્વભાવ બને તેવા નોંધપાત્ર અને સતત પ્રયાસો દરેક શહેરમાં થવા જોઈએ.

કેન્દ્રીય મંત્રી સી.આર.પાટીલએ પોતાના ઉદ્બોધનમાં જણાવ્યું હતું કે, "સુરત શહેરની મુલાકાત આપ સૌ માટે યાદગાર દિવસ અને યાદગાર અનુભવ બની રહેશે. સુરત એક ઐતિહાસિક શહેર છે." તેમણે સુરતના મેયર દક્ષેશ માવાણીની પ્રશંસા કરતાં કહ્યું કે, "તેમનો શાંત, સંયમી અને સારો વ્યવહાર સૌએ અનુભવ્યો હશે. તેઓ અમારા માટે પ્રતિક સમાન છે પાણી સંરક્ષણ પર ભાર મૂકતા સી.આર.પાટીલે ચેતવણી આપતા કહ્યું કે, "આપણી ભાવિ પેઢીઓ પાસે સંપત્તિ હશે, પરંતુ પાણી વિના તેઓ ટકી શકશે નહીં. એટલે પાણી બચાવ માટે દરેક નાગરિકે પોતાનું યોગદાન આપવું પડશે." તેમણે વરસાદી પાણીના સંચય દ્વારા જળસ્તર વધારવા માટે જનજાગૃતિ લાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો. 'કેચ ધ રેઈન' યોજના અંગે માહિતી આપતા તેમણે જણાવ્યું કે, "પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જનભાગીદારીથી જળસંચય માટે 31 મેં 2025 સુધીમાં 10 લાખ સ્ટ્રક્ચર બનાવવાનો સંકલ્પ કર્યો હતો, પરંતુ દેશભરમાં 35 લાખથી વધુ સ્ટ્રક્ચર પૂર્ણ કરવામાં આવ્યા છે. આગામી ચોમાસા સુધી સમગ્ર દેશમાં એક કરોડ જળસંચય સ્ટ્રક્ચર પૂર્ણ કરવાનો લક્ષ્યાંક નક્કી કરવામાં આવ્યો છે."

## લોનના બહાને રિક્ષાચાલકનું બેંક ખાતું ખોલી સાયબર ફ્રોડમાં ઉપયોગ

સુરતઃ નાનપુરા માર્કેટ પાસેની ગુલાબસા બાવાની દરગાહ પાછળ રહેતો 43 વર્ષીય જાવીદ ગુલામ મીયામોહમ્મદ શેખ રિક્ષા ચલાવે છે, તેણે પોલીસમાં ફરિયાદ કરતા જણાવ્યું કે, ઓગસ્ટ 2024માં રાંદેર અજમેરી ચાર રસ્તા પરથી પસાર થતા હતા ત્યારે તેમની રિક્ષામાં એક પેસેન્જર ગોડીલ મહમદ તાહીર મુનીર (ઉ.વ.27, રહે., ગેલેક્ષી હાઈટ્સ, સુલતાનીયા જીમખાના સામે, ગોરાટ-રાંદેર રોડ, રાંદેર) બેઠો હતો. વાતચીતમાં તેને જાવીદને પોતાની રિક્ષા ખરીદવા માટે લોન કરાવી આપવાની લાલચ આપી હતી. આ વાત પર વિશ્વાસ કરીને જાવીદ લોન કરવા તૈયારી હતી. બીજા દિવસે જાવીદ ગોડીલને કાગળો લઈ અજમેરી ચાર રસ્તા મળ્યો હતો. જ્યાં તેણે તેને આધાર કાર્ડ અને પાન કાર્ડની નકલો સહી સાથે આપી દીધા અને બેંકના ફોર્મ પર પણ સહી કરી આપી હતી. જોકે, બે મહિના પછી જ્યારે જાવીદે આરોપીને ફોન કર્યો તો તેનો નંબર બંધ આવ્યો અને કોઈ સંપર્ક થયો નહીં. તાજેતરમાં પોલીસ તેના ઘરે પૂછપરછ માટે આવી ત્યારે ખબર પડી કે તેના નામે સારોલી ખાતે આવેલી બેંક ઓફ મહારાષ્ટ્રમાં એકાઉન્ટ ખોલાવવામાં આવ્યું છે અને તેનો ઉપયોગ ઓનલાઈન ફ્રોડમાં કરાયો છે. આ મામલે સારોલી પોલીસે ગોડીલ મહમદ તાહીર મુનીર વિરુદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

### સુરતની અગ્રણી સ્કૂલની અભૂતપૂર્વ ટ્રીપલ સિદ્ધિ

## G D ગોએન્કાને પુસ્તકો માટે ISBN અને આહાર માટે FSSAIની માન્યતા

**સાથે** સસ્ટેનેબિલીટી અને શૈક્ષણિક નવીનતા માટે પણ આંતરરાષ્ટ્રીય અવોર્ડ મેળવ્યો

સુરતઃ સુરતની જી.ડી. ગોએન્કા ઈન્ટરનેશનલ સ્કૂલે વર્ષ 2025માં ત્રણ ઐતિહાસિક સિદ્ધિઓ હાંસલ કરી છે. સસ્ટેનિબિલિટી, શૈક્ષણિક નવીનતા અને વિદ્યાર્થીનું આરોગ્ય – આ ત્રણેય ક્ષેત્રોમાં સ્કૂલે નવતર સોપાન સર કર્યાં છે. આ સિધ્ધિઓ સામુહિક રીતે જી.ડી.જી.આઈ.એસ. સુરતનું સર્વાંગી શિક્ષણ પ્રત્યેનું સમર્પણ અને પ્રતિબધ્ધતા દર્શાવે છે. જેમાં પર્યાવરણ અંગે ઊંડી સભાનતા, વિદ્યાર્થીઓ માટે ખાસ તૈયાર થયેલ અને ISBN પ્રમાણિત પૂસ્તકો ધ્વારા ઉચ્ચ અને આધારભૂત વાચન સામગ્રીથી માનસીક અને વૈચારીક બાળકને બાહ્ય દુનિયામાં વિહરતો કરે છે. અને આ સાથે FSSAIનું પ્રમાણપત્ર પોષણક્ષમ અને સ્વાસ્થપ્રદ ખોરાકની પ્રથા એ શાળામાં શ્રેષ્ઠ આહારની આદતો પાડવા શાળાના સંનિષ્ઠ પ્રયાસોનો પૂરાવો આપે છે. આ સીમાચિહ્નો હાંસલ કરવામાં વાલીઓનો જાગૃત સપોર્ટ અને વિશ્વાસ અને શિક્ષકો, વિભાગીય હેડ્સ તથા મેનેજમેન્ટનો પ્રગતિશીલ તથા હકારાત્મક દ્રષ્ટિકોણે ખૂબ જ અગત્યનો ભાગ ભજવ્યો છે.

### ઈનોવેશન માટે ગ્લોબલ સસ્ટેનિબિલિટી એવોર્ડ

જી.ડી. ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કૂલને Global Sustainability Awards 2025 - Bronze (Innovation Category)થી સન્માનિત કરવામાં આવી છે. આ પુરસ્કાર સ્કૂલ દ્વારા રોજિંદા શિક્ષણમાં Education for Sustainable Development (ESD)ને સફળતાપૂર્વક સંકલિત કરવાના પ્રયાસો બદલ મળ્યો છે. પ્રોજેક્ટ આધારિત શિક્ષણ, ઈકો-ક્લબ એક્ટિવિટીઝ અને યુએનના એસડીજી લક્ષ્યાંકો સાથે જોડાયેલા પર્યાવરણ પ્રોજેક્ટ્સ વિદ્યાર્થીઓને પર્યાવરણને અનુકુળ ટકાઉપણા દ્વારા , વિદ્યાર્થીઓને જવાબદાર વૈશ્વિક નાગરિક તો બનાવે જ છે, સાથે સ્કૂલ કેમ્પસમાં સોલર એનર્જીએ, રેઈન વોટર હાર્વેસ્ટિંગ, કચરો અલગ પાડવો, પેપરલેસ પ્રેક્ટિસ જેવી ઘણી ગ્રીન પહેલ અમલી છે. વિદ્યાર્થીઓ દ્વારા નો-પ્લાસ્ટિક અભિયાન, રિસાઈકલિંગ ઝુંબેશ ચલાવાય છે. આમ વિદ્યાર્થીઓને સભાન અને જાગૃત નાગરીક બનવાની કેળવણી રોજીંદી પ્રવૃતિમાંથી પ્રાપ્ત થઇ જાય છે.

### શૈક્ષણિક પુસ્તકો આંતરરાષ્ટ્રીય સ્ટાન્ડર્ડનાં

સુરત માટે ગર્વ લેવા જેવી વાત એ છે કે શહેરની જી.ડી. ગોએન્કા ઈન્ટરનેશનલ સ્કૂલે પોતાના વિદ્યાર્થીઓ માટે ખાસ રીતે તૈયાર કરેલા 123 શૈક્ષણિક પુસ્તકોને ISBN માન્યતા (International Standard Book Number) પ્રાપ્ત થઈ છે. ISBN માન્યતા મળવાથી દરેક પુસ્તક સત્તાવાર રીતે નોંધાયેલ, પ્રમાણિત અને વિશ્વભરમાં સ્વીકૃત બને છે. આ પહેલ international publishing standardsને અનુસરે છે અને વિદ્યાર્થીઓને વ્યવસ્થિત, આધારભૂત અને ઉચ્ચ ગુણવત્તાની વાંચન સામગ્રી પૂરી પાડે છે.

### આરોગ્યમાં અગ્રેસરઃ FSSAIની "ઈટ રાઈટ સ્કૂલ" માન્યતા

વિદ્યાર્થીઓમાં સ્વસ્થ આહારની આદતો વિકસાવવી આજના સમયમાં અત્યંત જરૂરી છે. આ દિશામાં આગેવાની લેતાં, જી.ડી. ગોએન્કા ઇન્ટરનેશનલ સ્કૂલ FSSAI (ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઇન્ડિયા) તરફથી "ઈટ રાઈટ સ્કૂલ" માન્યતા મેળવનારી સુરતની પ્રથમ શાળા બની છે. આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના સહયોગથી અપાતી આ રાષ્ટ્રીય માન્યતા શાળા પરિસરમાં સલામત, હાઈજેનિક અને પોષણક્ષમ આહાર માટે આપવામાં આવે છે અને તેના દ્વારા વિદ્યાર્થીઓમાં આહારની યોગ્ય આદતો, હાઈજિન પ્રત્યેની જાગૃતિ અને ખોરાકની યોગ્ય પસંદગી કેળવવામાં આવે છે.

## SIR: 12.36 લાખ નામો ડિલીટ થવાની શક્યતા

**અંતિમ** તબક્કો પૂર્ણ, રાત્રે 12 વાગ્યા સુધી BLOની મેરાથોન કામગીરી, ફોર્મ નહીં ભરનારાના નામો રદ થઈ શકે,13.50 લાખ મતદારો પાસેથી પુરાવા માંગવામાં આવશે

સુરતઃ મતદાર યાદી સુધારણા (SIR) કાર્યક્રમનો આજે રવિવારે અંતિમ દિવસ હતો. ડ્રાફ્ટ મતદાર યાદી તૈયાર કરવાની પ્રક્રિયા માટે રાત્રે બરાબર 12 વાગ્યા સુધીનો અંતિમ સમય આપવામાં આવ્યો હતો. આ દરમિયાન તમામ વિધાનસભા વિસ્તારોના મતદાન મથકો પર નિયુક્ત બીએલઓ દ્વારા મોડીરાત સુધી સતત કામગીરી કરવામાં આવી હતી. રાત્રે 12 વાગ્યા બાદ ડ્રાફ્ટ યાદી તૈયાર કરવાની પ્રક્રિયા તરફ આગળ વધવામાં આવી છે.

ચૂંટણી તંત્ર દ્વારા હવે સોમવારથી સમગ્ર ચિત્ર વધુ સ્પષ્ટ બનશે. કયા મતદારોને હજુ જરૂરી પુરાવા રજૂ કરવાની જરૂર છે અને કેટલા નામો અંતિમ રીતે ડિલીટ થયા છે તે અંગેની અધિકૃત માહિતી બહાર આવશે. હાલની સ્થિતિ મુજબ, ફોર્મ ન ભરનાર આશરે 12.36 લાખ મતદારોના નામો યાદીમાંથી ડિલીટ થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

ઉલ્લેખનીય છે કે મતદાર યાદી સુધારણા માટેની SIR ઝુંબેશ 4 નવેમ્બરથી શરૂ કરવામાં આવી હતી. શરૂઆતમાં નિર્ધારિત સમયગાળો પૂર્ણ થયા બાદ તેમાં એક અઠવાડિયાનો વધારો કરવામાં આવ્યો હતો.

ત્યારબાદ ફરી ચાર દિવસનો વધારાનો સમય આપીને આજે રવિવારે 14 તારીખે કાર્યક્રમ પૂર્ણ કરવામાં આવ્યો છે. સમયવધારા છતાં પણ મોટી સંખ્યામાં મતદારો દ્વારા ફોર્મ ભરવામાં આવ્યા ન હોવાની સ્થિતિ સામે આવી છે. આ સમગ્ર પ્રક્રિયા દરમિયાન આશરે 13.50 લાખ એવા મતદારો સામે આવ્યા છે, જેમના નામો અન્ય રેકોર્ડ સાથે મેચિંગ ન થતાં હોવાની નોંધ થઈ છે.

આવા મતદારો પાસેથી હવે ઓળખ અને નિવાસ સંબંધિત જરૂરી પુરાવા (દસ્તાવેજો) માંગવામાં આવશે. સમયસર પુરાવા રજૂ ન થાય તો તેમના નામો પણ યાદીમાંથી કાઢી નાખવામાં આવી શકે છે.

## સિટીલાઈટમાંવેપારીને ત્યાં કેબલની ચોરી

સુરતઃ સિટી લાઈટ વિસ્તારમાં આવેલા સૂર્યા સિગ્નેચર એપાર્ટમેન્ટમાં રહેતા કપીલભાઈ ચંદ્રપ્રકાશ ગીદવાની (ઉં.વ. ૪૦) રાધા કૃષ્ણ ટેક્સટાઈલ માર્કેટમાં કાપડની દુકાન ધરાવે છે, પાંચમી ડિસેમ્બરની સવારે કોઈ અજાણ્યો ચોર સૂર્યા સિગ્નેચર એપાર્ટમેન્ટના છઠ્ઠા માળે આવેલા ફ્લેટ નં.બી/૬૦૩માં પ્રવેશ્યો હતો. ફ્લેટમાં સંગ્રહ માટે મુકેલા ફિનોલેક્સ કંપનીના આશરે ૬૦ બોક્સ કેબલ ચોરી કરી લીધા હતા. જેની કિંમત રૂ.૧,૨૦,૦૦૦ ગણવામાં આવી છે. ફરિયાદ સાથે જ પોલીસે ગુન નોંધી સીસીટીવી ફૂટેજ સહિતની તપાસ હાથ ધરી છે.

## પ્રવિણભાઈ તોગડિયાનો 69મો જન્મદિન ડુમસમાં ઉજવાયો

સુરત : સુરતના ડુમસ વિસ્તારમાં રહેતા દીપકભાઈ ઈજારદાર દ્વારા તા. 12, શુક્રવારે પ્રવિણભાઈ તોગડિયાના 69મા જન્મદિવસ નિમિત્તે સેવા, સમર્પણ અને શ્રદ્ધાથી ભરપૂર કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ અવસરે 69 કિલોની વિશાળ કેક કાપી ઉજવણી કરવામાં આવી હતી તેમજ સમાજસેવાના હેતુથી રૂપિયા 1 લાખનું દાન આપવામાં આવ્યું હતું. પ્રવિણભાઈ તોગડિયાના જન્મદિવસના ઉપક્રમે વરાછા મીનીબજાર ખાતે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ



કેમ્પમાં દીપકભાઈ ઈજારદારે ઉપસ્થિત રહી ૬૯ કિલોની કેક કાપી હતી તથા રૂપિયા 1 લાખનું દાન અર્પણ કર્યું હતું. આ દાન દ્વારા ગરીબ, જરૂરિયાતમંદ અને પીડિત લોકો સુધી સેવા પહોંચે તેવો સંકલ્પ વ્યક્ત કરવામાં આવ્યો હતો.